**<u>મહે.જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ.ક. શ્રી એચ.આર. પટેલ સાહેબની કોર્ટમાં,</u>**

**<u>મુકામ–અંકલેશ્વર.</u>**

**ફોજદારી કેસ નં.–૨૦૩૭/૨૦૨૬**

ફરીયાદી – શ્રી સરકાર

:: વિરૂધ્ધ ::

આરોપી –૧. એઝાજ મોહમંદ એહમદ
રહે. મ.નં. ૫૯૪ બરાનપુરા ફળિયુ ધોળીકુઈ બજાર ભરૂચ
તા.જી. ભરૂચ

**<u>ગુન્હો :–</u>** પ્રોહી.કલમ – ૬૬(૧) બી મુજબ.

**<u>–: કબુલાત ઠરાવ :–</u>**

(૧) આ કામે ફરીયાદીની ફરીયાદના આધારે ફરીયાદ પક્ષે તપાસ કરનાર અમલદાર તરફથી તપાસના અંતે હાલના આરોપી વિરૂધ્ધ પ્રોહી એકટ કલમ– ૬૬(૧) બી મુજબના ગુનાનો આક્ષેપ મુકવામાં આવેલ છે.

(૨) આરોપી તર્ફે પોતાની ગુના કબુલાતથી પોતાના પરનો ગુનો કબુલ કરતા હોય, હાલના આરોપીને પોલિસ તપાસના કાગળોની નકલો આપવામાં આવી અને આરોપીની પ્લી નોંધવામાં આવી, જેમાં આરોપીએ પોતાની સ્વેચ્છીક ગુના કબુલાત આપી, પોતે પોતાની પરનો ગુનો સ્વેચ્છાએ કબુલ કરે છે. વધુમાં આરોપી જણાવે છે કે પોતાનો પ્રથમ ગુનો છે, ભુલથી ગુનો થયેલ છે, ગુના બદલ પસ્તાવો મહેસુસ કરે છે, ગરીબ માણસ છે અને હવે ફરીથી આવો ગુનો નહિ કરે તેવુ જણાવી પોતાની પર રહેમ નજર રાખવા જણાવેલ છે.

(૩) એ.પી.પી.શ્રી તથા આરોપીના વિ.વ.શ્રીને સાંભળ્યા. આરોપીની સ્વેચ્છિક ગુના કબુલાતથી પોતાના પરનો ગુનો કબુલ કરતા હોય, આરોપીને તેના ગુના અંગેની સજાની સમજણ કરવામાં આવેલ છે. આ કામે આરોપીએ સ્વેચ્છિક ગુના કબુલાતથી પોતાના પરનો ગુનો કબુલ કરતા હોય આરોપીની સ્વેચ્છિક ગુના

કબુલાતને નહિ માનવાને કોઈ કારણ નથી. આરોપીની સ્વેચ્છિક ગુના કબુલાત, તેની ઉંમર, આર્થિક તથા શારીરિક પરિસ્થિતિ તથા દયાની માંગણી ધ્યાનમાં રાખી આરોપીને આ ગુનામાં તકસીરવાન ઠરાવી ન્યાયના હિતમાં નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**-: હુકમ :-**

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ની કલમ ૨૬૪ અન્વયે આરોપી નાઓને પ્રોહી એકટ કલમ- ૬૬(૧) બી મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી આરોપી ને રૂા.૨૦૦/- લેખે (અંકે રૂપિયા બસો પુરા) દંડની સજા અને કોર્ટ ઉઠતા સુધીની સજા કરવા હુકમ કરવામાં આવે છે. જો આરોપીઓ દંડ ન ભરે તો દિન-૩ (ત્રણ)ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ સ્પે.સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ-અંકલેશ્વર
તા.૧૧/૦૭/૨૦૨૬

**(એચ.આર. પટેલ)**
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક.,
અંકલેશ્વર.
કોડ નં. જી.જે.૦૧૭૩૧